Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-4, March-2021

# દેવીપૂજક જ્ઞાતિ માં શિક્ષણ, આરોગ્ય તથા જ્ઞાતિપંચ અંગે જાણકારી

## (અમદાવાદના કૃષ્ણનગર વિસ્તારને કેન્દ્રમાં રાખીને)

**નિમિષા વી. ચૌહાણ**
પી.એચ.ડી. છાત્રા, સમાજશાસ્ત્ર વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

પ્રસ્તાવના :-

વિવિધતામાં એકતા એ ભારત દેશની મહાનતા તથા વિશેષતા છે. ભારત દેશમાં વિવિધ જ્ઞાતિની પ્રજા વસવાટ કરે છે. દરેક જ્ઞાતિની રહેણીકરણી, ભાષા, રીતરિવાજમાં વિવિધતા જોવા મળે છે. આ વિવિધતા જ્ઞાતિની રહેણીકરણી જ્ઞાતિના વસવાટ ના પ્રદેશો, ભૌગોલિક વાતાવરણની અસર જ્ઞાતિ માં જોવા મળતી વિવિધતા પર ભાગ ભજવે છે. જેમકે દક્ષિણ ભારતના લોકો ત્યાં ચોખાનું ઉત્પાદન વધુ થતું હોવાથી ખોરાકમાં ચોખાનો ઉપયોગ વધુ કરે છે. તેથી ત્યાં ખોરાકમાં ઈડલી, ઢોંસા, ઉત્તપમ, ભાત નો ઉપયોગ વધુ થાય છે ઉપરાંત વિષુવવૃત્ત ની નજીક હોવાથી ત્યાં ગરમી વધુ પડે છે. તેથી અહીંના લોકો શ્યામ વર્ણના જોવા મળે છે. જ્યારે ઉત્તર ભારતમાં ઘઉં નો પાક વધુ થવાથી ત્યાં રોટલી, પરોઠા વગેરેનો વપરાશ વધુ જોવા મળે છે. કાશ્મીર ઠંડો પ્રદેશ હોવાથી ત્યાંના લોકો ની ત્વચા શ્વેત વર્ણની તથા ચમક વાળી જોવા મળે છે.

ભારત દેશ જ્ઞાતિ પ્રધાન દેશ હોવાથી સમગ્ર વ્યવસ્થા જ્ઞાતિ ના માળખાના આધારે ગોઠવાયેલી જોવા મળે છે. દેશમાં જ્ઞાતિઓ અનેક જ્ઞાતિ તથા પેટાજ્ઞાતિ માં વહેંચાયેલી જોવા મળે છે. તેમાં ઉચ્ચ, નીચ,મધ્યમ તેવા ભાગ પણ પડેલા જોવા મળે છે. હાલમાં ભારતમાં બધા જ ધર્મોમાં વર્ણવ્યવસ્થા જોવા મળે છે. તેમાં હિંદુ ધર્મમાં જ્ઞાતિનું મહત્વ વિશેષ જોવા મળે છે. હિંદુ ધર્મ અનેક જ્ઞાતિઓ અને પેટાજ્ઞાતિઓમાં વહેંચાયેલો જોવા મળે છે. અને દરેક જુદી જુદી લાક્ષણિકતાઓ ધરાવે છે.

બધી જ જ્ઞાતિ પોતાના વિશિષ્ટ લક્ષણો ધરાવતી હોય છે. અને આ વિશિષ્ટ લક્ષણોને જાણવા તથા સમજવા માટે જ્ઞાતિવ્યવસ્થા ઉપર શૈક્ષણિક સંશોધનો થતાં હોય છે. તેમાં પણ જે જ્ઞાતિ બધી જ્ઞાતિ કરતાં અલગ તરી આવતી હોય, જેમનાં લક્ષણો, બોલી, સંસ્કૃતિ વિશિષ્ટ હોય છે, તેવી જ્ઞાતિ વિશે જાણવા બધાને વિશેષ જિજ્ઞાસા હોય છે.

આવી જ એક જ્ઞાતિ છે દેવીપૂજક કે વાઘરી જ્ઞાતિ. આ જ્ઞાતિ અનેક રીતે વિશિષ્ટ છે. આ જ્ઞાતિનું એક લક્ષણ એ છે કે તે આપણને બધે જ વસેલી જોવા મળે છે. શહેરની અલગ-અલગ જ્ઞાતિ ધરાવતી, અલગ-અલગ લક્ષણો ધરાવતી વસ્તીની વચ્ચે રહીને પણ આ જ્ઞાતિ પોતાનાં લક્ષણો જળવી રાખે છે.

દેવીપૂજક નામમાં જ તેમની જ્ઞાતિનો અર્થ રહેલો છે. દેવીપૂજક એટલે કે દેવીનું પૂજન કરનાર. આ જ્ઞાતિ ઘણા બધા આગવા અને વિશિષ્ટ લક્ષણો ધરાવે છે. છતાં પણ હજુ સુધી તેમાં સંશોધનો ઘણા ઓછા થયા છે. તેથી તેમની સમાજિક, આર્થિક વગેરે ઊંડણપૂર્વકની માહિતી ઓછી મળે છે.

- સંશોધન પ્રશ્ન :-

દેવીપૂજક જ્ઞાતિમાં શિક્ષણ, આરોગ્ય તથા જ્ઞાતિપંચ અંગે જાણકારી.

(અમદાવાદનાં કૃષ્ણનગર વિસ્તારને ધ્યાનમાં રાખીને)

- સંશોધન ક્ષેત્ર :-

  પ્રસ્તુત સંશોધનપત્રનું સંશોધન ક્ષેત્ર અમદાવાદનાં પૂર્વ વિસ્તારમાં આવેલાં કૃષ્ણનગર વિસ્તારનાં સંજયનગર અને વિહતનગર છે.

- સંશોધનના હેતુઓ:-

  (1) દેવીપુજક જ્ઞાતિ માં શિક્ષણ અને આરોગ્ય અંગેની જાણકારી

મેળવવી. તે અંગેના મંતવ્યો જાણવા.

(2) દેવીપુજક જ્ઞાતિના જ્ઞાતિ પંચ વિશે માહિતી મેળવવી.

- સંશોધન પદ્ધતિ અને પ્રવિધિઓ :-

પ્રસ્તુત સંશોધનપત્રમાં સંશોધનલેખો, દેવીપુજક જ્ઞાતિ નું પુસ્તક, સંશોધન રિપોર્ટ જેવા દ્વિતીય સ્રોત તથા જાતે સંશોધનક્ષેત્રમાં જઈ મુલાકાત પદ્ધતિ, નિરીક્ષણ પદ્ધતિ તથા મુલાકાત અનુસૂચિ તથા મુલાકાત માર્ગદર્શિકા ભરાવી માહિતી મેળવેલી છે.

- દેવીપૂજક જ્ઞાતિમાં શિક્ષણ અને આરોગ્ય અંગેની જાણકારી : -

સમાજમાં હવે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. છતાં પણ દેવીપૂજક સમાજમાં શિક્ષણનું મહત્વ હજુ પણ ઓછું જોવા મળે છે. તેઓને ભણીગણીને નોકરી મેળવવા કરતાં તેમનાં પરંપરાગત વ્યવસાયમાં વધુ રસ હોય છે. તેથી બાળકોને ભણાવવાની બાબતમાં તેમનાં વાલીઓ ખૂબ જ નીરસ રહે છે. તેનાં કારણે બાળકોમાં પણ ભણવા પ્રત્યે રસ અને રૂચિ ઓછો જોવા મળે છે. વળી બાળકો શાળાએથી ઘરે આવી તરત તેમનાં પરંપરાગત વ્યવસાય જેવાં કે શાકભાજી, ફળ, ફૂલ વેચવામાં જોતરાઈ જાય છે. પરિણામે બાળકો માંડ માધ્યમિક શિક્ષણ પૂરૂં કરી શકે છે. મોટા ભાગની છોકરીઓ તો પ્રાથમિક શિક્ષણ પછી જ અભ્યાસ છોડી દે છે.

શિક્ષણ ઓછું મેળવેલ હોવાનાં કારણે દેવીપૂજક જ્ઞાતિમાં ઘણા બધા કુટુંબોમાં એવું જોવા મળેલ છે કે તેઓ ઘરમાં બિમારી આવે કે કોઈ બિમાર પડે તો દવાખાને જવાના બદલે બાધા રાખીને ચલાવે છે. જો કે હવે ધીમે ધીમે શિક્ષણ તથા આરોગ્ય પ્રત્યે જાગૃતિ થવાથી બાધા અને દવા બંને કરતાં જોવા મળે છે. છતાં પણ તેમાં ભૂવા કે માતાની મંજૂરી લેવી તેવી શ્રદ્ધા વધુ ધરાવે છે.

- દેવીપુજક જ્ઞાતિ ના જ્ઞાતિપંચ અંગે જાણકારી.

દરેક જ્ઞાતિમાં પોતાની જ્ઞાતિ નું બનેલું પંચ હોય છે જે જ્ઞાતિના રિવાજ અને કાયદા ઘડે છે. દરેક જ્ઞાતિમાં જ્ઞાતિપંચ નું આગવું પ્રભુત્વ જોવા મળે છે.જ્ઞાતિપંચે નક્કી કરેલા કાયદા જ જ્ઞાતિના રિવાજ બનતા હોય છે અને તે જ્ઞાતિના તમામ લોકો સ્વીકારતા હોય છે.

દેવીપુજક જ્ઞાતિમાં પણ પોતાની જ્ઞાતિનું જ્ઞાતિપંચ જોવા મળે છે જ્ઞાતિપંચ નું કાર્ય જ્ઞાતિ નું બંધારણ કે નિયમ બનાવવા, જ્ઞાતિના લોકોના વિવાદ ઉકેલવા, જ્ઞાતિ ના નિયમો તોડનારને દંડ કરવો તથા જ્ઞાતિના વિકાસ માટે પ્રયત્ન કરવા વગેરે જેવા છે. દેવીપુજક જ્ઞાતિ માં મોટાભાગે જ્ઞાતિના લોકો પોતાના ઝઘડાના નિકાલ માટે કોર્ટ કે કચેરીમાં જતા નથી તેઓના વિવાદના ઉકેલ સમાજમાં જ સમાજના માણસો દ્વારા કરવામાં આવે છે. ઘણીવાર નિયમોનો ભંગ કરનારને નાણાકીય દંડ કે જ્ઞાતિ બહાર મૂકવા જેવા પગલાં લેવામાં આવે છે.

જ્ઞાતિપંચ મા એક મુખ્ય આગેવાનો નું પદ હોય છે જે વ્યક્તિ સમાજ માટે વધુ કામ કરતા હોય તથા સમાજ માટે વધુ સમય આપતા હોય તેવા વ્યક્તિને આગેવાન બનાવવામાં આવે છે તેઓને ચોવટીયા નામથી પણ ઓળખવામાં આવે છે. સમાજના ઈમાનદાર સેવાભાવી કે પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય તેને જ્ઞાતિ પંચના આગેવાન બનાવવામાં આવે છે. અન્ય વ્યક્તિઓ પણ જ્ઞાતિ પંચના સભ્યો હોય છે. જેઓ પણ સમાજના કાર્યોમાં આગળ પડતો ભાગ ભજવતા હોય છે.

જ્ઞાતિ પંચ દ્વારા સમાજના નાના મોટા વિવાદ ઉકેલવામાં આવે છે. જેમાં ઘરમાં અંદરોઅંદર કે બે કુટુંબ વચ્ચે કોઈ ઝઘડા થયા હોય તો તે વિવાદનો ઉકેલ લાવવામાં આવે છે. પતિ-પત્ની વચ્ચે ઝઘડા થયા હોય તો તેમાં સમાધાન કરવા પણ જ્ઞાતિપંચ ભાગ ભજવે છે. જો પતિ-પત્ની વચ્ચેના ઝઘડાનો નિકાલ આવે તેમ ન હોય અને સમાધાન શક્ય જ ન હોય અને બંને પક્ષ છૂટાછેડા લેવા માગતા હોય તો તેઓના છૂટાછેડા કરવા કોઈપણ પક્ષ ક્યારેય પણ કોર્ટમાં જતો નથી. આવા છૂટાછેડા લેવા માટે જ્ઞાતિપંચ ની જ મદદ લેવામાં આવે છે. આમ, દેવીપુજક જ્ઞાતિ માં જ્ઞાતિપંચ નું આગવું મહત્વ છે

તારણો :-

પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ શહેરનાં પૂર્વ વિસ્તારમાં આવેલાં કૃષ્ણનગર વિસ્તારનાં વિહતનગરના 15 તથા સંજયનગરનાં 15 એમ કુલ 30 કુટુંબો લેવામાં આવ્યાં છે.

- અભ્યાસમાં લેવાયેલાં કુટુંબોમાં કુલ 194 વ્યક્તિઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે.
- અભ્યાસમાં લેવાયેલા 194 વ્યક્તિઓમાં કુલ 53 પુરૂષો, 57 સ્ત્રીઓ અને 84 બાળકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.
- અભ્યાસ માટે લેવાયેલા 53 પુરૂષોમાં 23 ની ઉંમર 18 થી 35 વર્ષ તથા 30 પુરૂષની ઉંમર 35 થી વધુ છે. તે જ રીતે 18 થી 35 વર્ષની સ્ત્રીઓની સંખ્યા 25 તથા 35 થી વધુ ઉંમર ધરાવતી સ્ત્રીઓની સંખ્યા 32 છે.
- અભ્યાસ માટે લેવાયેલા 30 કુટુંબોમાંથી 19 કુટુંબો એટલે કે 63.33% કુટુંબો સંયુક્ત કુટુંબમાં જ્યારે 11 કુટુંબો એટલે કે 36.67% કુટુંબો વિભક્ત કુટુંબમાં રહે છે.
- અભ્યાસ માટે લેવાયેલા વ્યક્તિઓમાંથી 110 વ્યક્તિઓ 15 વર્ષથી વધુ ઉંમરના તથા 84 0 થી 15 વર્ષનાં બાળકો છે.
- 110 વ્યક્તિઓમાંથી પ્રાથમિક પછી દોરણ-10 સુધી ભણ્યા હોય તેવા વ્યક્તિઓની સંખ્યા 12 છે. જ્યારે 98 વ્યક્તિઓએ ધોરણ-8 કે તેના પહેલાથી શિક્ષણ છોડી દીધેલ છે. સ્નાતક કે અનુસ્નાતક કોઈ જ થયેલ નથી. તેના પરથી કહી શકાય કે શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછું છે.
- 110 વ્યક્તિઓમાંથી સ્માર્ટફોન વાપરતાં હોય તેવા વ્યક્તિઓનું પ્રમાણ 29.09% છે.
- અભ્યાસ હેઠળનાં 110 વ્યક્તિઓમાંથી માતા-પિતા ઈચ્છે ત્યાં લગ્ન કરનારાઓનું પ્રમાણ 98.18% છે. જ્યારે 1.82% લોકો જ માને છે કે પોતાની ઈચ્છાથી લગ્ન કરવા જોઈએ.
- કુટુંબ પર કોઈ મુશ્કેલી કે બિમારી આવે તો માતાજીની બાધા સૌ પ્રથમ રાખવી જોઈએ – તેવું માનનારા કુટુંબ 100% છે. જ્યારે અન્ય કોઈ ઉપાય પહેલો કરવો – તેવું માનનારા 0% છે.
- દેવીપુજક જ્ઞાતિ માં જ્ઞાતિપંચ નું ખૂબ જ મહત્વ છે તથા જ્ઞાતિપંચ એ નક્કી કરેલા નિયમ જ્ઞાતિના દરેક લોકોએ માન્ય રાખવા પડે છે.
- દેવીપુજક જ્ઞાતિના મુલાકાત લીધેલા 110 વ્યક્તિઓમાંથી આઠ વ્યક્તિઓ એવું માને છે કેજો જ્ઞાતિ દ્વારા ઝઘડાનો નિકાલ ન થાય તો કોર્ટમાં જવું જોઈએ. જ્યારે 102 વ્યક્તિઓ નું માનવું એવું છે કે સમાજ દ્વારા એમના વિવાદનો નિકાલ થવો જોઈએ. આમ મુલાકાત લીધેલા વ્યક્તિઓમાંથી 7.27 ટકા વ્યક્તિઓ એવું માને છે કે અનિવાર્ય સંજોગોમાં કોર્ટનો સહારો લઇ શકાય. જ્યારે 92.73 ટકા વ્યક્તિઓ નું એવું માનવું છે કે કોર્ટમાં કયારેય જવું જોઈએ નહીં.

સંદર્ભ :-

1. બ. ર. દેસાઈ (1958)

સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ-2 (1958) સૌરાષ્ટ્ર પછાત વર્ગ બોર્ડ મુંબઈ રાજ્ય, રાજકોટ

2. ઉમેશ સોલંકી “યોગી” (2006) “શ્રી દેવીપૂજક (વાઘરી) સમાજની વિવિધ શાખાઓના દેવ-દેવીઓ અને પૂર્વજોની અમરગાથાઓ”
3. લલિતા વી. ભૂત (2011) ગીર વિસ્તારમાં વસતા દેવીપૂજક (વાઘરી) સમુદાયની તરાહ – એક અભ્યાસ